# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-01-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. સુરતમાં કેન્સર હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું કે ઔદ્યોગિક ક્ષેત્ર બાદ હવે સુરત આરોગ્ય સુવિધા ક્ષેત્ર પણ અગ્રીમ સાબિત થઇ રહ્યું છે
2. કેન્દ્રીય મંત્રી અમિત શાહે અમદાવાદમાં હિન્દુ આધ્યાત્મિક મેળાનું ઉદ્ઘાટન કરતાં લોકોને મહાકુંભમાં ભાગ લેવા અપીલ કરી
3. તાપીના વ્યારામાં 76મા પ્રજાસત્તાક દિને રાજ્યપાલના હસ્તે તેમજ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન સમારોહ યોજાશે
4. દીકરીઓને વધુને વધુ શિક્ષિત કરવાના પ્રયાસોના ફળસ્વરૂપે રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં દીકરીઓના નામાંકન દરમાં 33 ટકાનો વધારો નોંધાયો
5. છેલ્લા એક દાયકામાં રાજ્યના સીધા વિદેશી રોકાણના ઇક્વિટી ઇન્ફ્લોમાં 500 ટકાથી વધુનો વધારો

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SURAT AMIT SHAH

સુરતના વેસુ ખાતે ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલમાં ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે સરકારની આયુષ્યમાન યોજના હેઠળ કેન્સરની વિનામૂલ્યે સારવાર મળી શકશે તેમ કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યુ હતું. સુરતમાં બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલમાં અને ફુલચંદભાઈ જયકિશનભાઈ વખારીયા સેનેટોરિયમનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહનાં હસ્તે કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું  કે, સુરત એ  પશ્ચિમ ભારતનું ઔદ્યોગિક અને આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર બન્યું છે.

## (બાઇટ- અમિત શાહ,કેન્દ્રીય ગૃહમંત્રી, સુરત)

તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આયુષ્માન કાર્ડના માધ્યમથી ગરીબ-મધ્યમવર્ગના પરિવારોને આરોગ્યની ઉમદા સહાય મળી રહી છે. વૃદ્ધો અને ગરીબો માટે આરોગ્ય સેવા સુલભ બની છે. ૧૨ કરોડ પરિવારોના ૬૦ કરોડ લોકોને આરોગ્ય કવચ પુરૂ પાડયું છે. છેલ્લા આઠ વર્ષમાં ૩૧૭ કરોડ દર્દીઓએ PMJAY યોજનાનો લાભ લીધો હોવાનું જણાવ્યું હતું.

ગૃહમંત્રીએ ઉમેર્યું કે, દેશભરમાં ૭૧ કરોડ આભાકાર્ડ બનાવવામાં આવ્યા છે..

. . . . . . . . . . . . .

# AMIT SHAH AHMEDABAD

સુરતના કાર્યક્રમ અગાઉ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુ અમદાવાદમાં હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થા દ્વારા યોજાયેલા હિન્દુ આધ્યાત્મિક સેવા મેળાનો પ્રારંભ કરાવ્યો હતો.. શ્રી શાહે ઉપસ્થિત લોકોને તેમના પરિવારના યુવાનોને પણ મહાકુંભમાં લઈ જવા અપીલ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ અયોધ્યાપુરમ્ ખાતે 250થી વધુ સંસ્થાઓએ  સ્ટોલ બનાવ્યા છે. આ મેળાના માધ્યમથી વધુને વધુ લોકો સંસ્કૃતિ, સેવા અને નવચેતનાના કાર્યમાં જોડાશે તો આપણે આજની અને આવનારી પેઢીમાં સંસ્કાર સિંચનથી સુસંસ્કૃત સમાજ દ્વારા વિકસિત ભારત 2047નું નિર્માણ કરી શકીશું.

સુરત બાદ સાંજ અમિત શાહ અમદાવાદ પરત ફર્યા હતા અને અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નિર્મિત વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કાર્યક્રમમાં સામેલ થયા છે.

. . . . . . . . . . . . .

# PARADE INVITATION

પ્રજાસત્તાક દિવસની પરેડ માટે ગુજરાતમાંથી 175થી વધુ વ્યક્તિઓને આમંત્રણ અપાયું છે. વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ, યોજનાઓનાં લાભાર્થીઓ, સ્વસહાય જૂથની બહેનો પણ દિલ્હી જશે..

સમગ્ર ભારતમાંથી ખાસ મહેમાનો તરીકે આમંત્રિત લોકોમાં ગુજરાતમાંથી ટેક્સટાઇલ ક્ષેત્રમાં રાષ્ટ્રીય એવોર્ડ વિજેતાઓ, હેન્ડીક્રાફ્ટમાં સારું પ્રદર્શન કરનારા વ્યક્તિઓ, ગ્રામિણ વિકાસ માટે મહત્વનો ફાળો આપવા બદલ સ્વસહાય જૂથની બહેનો, શ્રેષ્ઠ પાણી સમિતિ, વન અને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રમાં મહત્વનો ફાળો આપનારા, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ, શ્રેષ્ઠ પેટન્ટ ધરાવનારા, શ્રેષ્ઠ સ્ટાર્ટ અપ, હેન્ડલૂમ આર્ટિસન, પુનઃપ્રાપ્ય ઉર્જા કાર્યકર, રોડ બનાવનારા કાર્યકરો 3 વાઇબ્રન્ટ વિલેજનાં સરપંચ સહિત અન્ય 22 સરપંચ, પેરા ઓલમ્પિયન વિજેતાઓ, અને પ્રધાનમંત્રીએ પોતાની મન કી બાત કાર્યક્રમમાં નોંધ લીધી એવા વ્યક્તિઓને પણ આમંત્રણ આપવામાં આવ્યા છે. આ આમંત્રિતો તેમની સાથે એક પરિવારજનને પણ લઇ જશે.

. . . . . . . . . . . . . .

# REPULIC DAY – FLAG HOSTING KARYAKRAM

76 મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આ વર્ષે તાપી ખાતે યોજાશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાશે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સાબરકાંઠા ખાતે તેમજ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી - ગાંધીનગર ખાતે ધ્વજ વંદન કરશે. અન્ય કેબિનેટ મંત્રીઓમાં કનુભાઈ દેસાઇ વલસાડના વાપી ખાતે

ઋષિકેશ પટેલ – બનાસકાંઠામાં અંબાજી ખાતે

રાઘવજી પટેલ – રાજકોટમાં કોટડા સાંગાણી ખાતે ધ્વજવંદન કરશે.

બળવંતસિંહ રાજપૂત મહેસાણા પાંચોટ ખાતેથી

જ્યારે બોટાદના બરવાળા ખાતે કુંવરજી બાવળિયા,

જામનગરમાં  મંત્રી મુળુ બેરા,

ભાવનગરના શિહોરમાં શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર,

તો અમદાવાદના ધંધુકા ખાતેથી ભાનુબેન બાબરિયા ધ્વજવંદન કરશે. જ્યારે સુરતના ઉમરપાડા ખાતે પ્રફુલ પાનશેરીયા ધ્વજ લહેરાવશે.

આ ઉપરાંત સુરેન્દ્રનગર, આણંદ, પોરબંદર, અમરેલી, જૂનાગઢ, કચ્છ, વડોદરા, નર્મદા, મહીસાગર, ડાંગ, પાટણ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી અને મોરબી ખાતે સંબંધિત જિલ્લાના કલેકટરશ્રીના હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાશે.

. . . . . . . . . . . . .

## SUBHAASH CHANDRA BOSS-PATAN

નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી નિમિત્તે આજે પાટણ ખાતે નગરપાલિકા પ્રમુખ તેમજ નગરસેવકો, નગરજનો અને વિવિધ સંસ્થા, સંગઠનોના હોદ્દેદારો દ્વારા નેતાજીની પ્રતિમા પર માલ્યાર્પણ કરાયું. આ ઉપરાંત રાજ્યના અન્ય શહેરો અને નગરોમાં પણ નેતાજી સુભાષચંદ્ર બોઝને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GMC BUDGET

ગાંધીનગર મહાનગરપાલિકા ના મ્યુનિસિપલ  કમિશનર જે એન વાઘેલાએ વર્ષ 2025-26 માટેનું  એક હજાર 744 કરોડ રૂપિયા કરતાં વધુનું ડ્રાફ્ટ બજેટ રજુ કર્યું હતું. ગાંધીનગરનું  38 ટકાના વધારા સાથેનું આ સરપ્લસ બજેટ રજુ કરાયું હતું. આ બજેટમાં સામાજિક આંતરિક માણખાકીય સુવિધાઓને ધ્યાનમાં રાખી બજેટ રજૂ કરાયુ હતું. શહેરના 86 જેટલા તળાવોની જાળવણી સહિતની કામગીરીનો આ બજેટમાં સમાવેશ કરાયો છે. જ્યારે આ વર્ષે મિલકત વેરામાં સામાન્ય 75 પૈસાના વધારા સાથે  બિનરહેણાંક મિલકતમાં પોણા બે રૂપિયાનો વધારો કરાયો  હોવાનું મ્યુનિસિપલ કમિશનર જે.એન.વાઘેલાએ જણાવ્યું હતું.

**(બાઇટ- જે.એન.વાઘેલા,મ્યુનિસિપલ કમિશ્નર, ગાંધીનગર મહાનગરપાલિકા)**

. . . . . . . . . . . . .

# BETI BACHAAO BETI PADHAAO-10 YRS OF SUCCESS

"બેટી બચાવો બેટી પઢાઓ યોજના" ના સફળતાના 10 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે રાજ્યમાં દીકરીઓના શિક્ષણ નામાંકન દરમાં ૩૩ ટકાનો વધારો નોંધાયો છે. આ અભિયાનના પરિણામે દીકરી જન્મદર 890 થી વધીને 955 થયો છે.

દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપતી પહેલોના પરિણામે રાજ્યમાં કન્યાઓનો નામાંકન દર વર્ષ 2002-03માં 66.83% હતો, જે વધીને વર્ષ 2022-23માં 99.81% થયો છે.

રાજ્યમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધે, દીકરીના શિક્ષણમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા “વ્હાલી દીકરી” યોજના થકી દીકરીઓને જન્મથી 18 વર્ષ સુધીમાં ૪ હજાર રૂપિયાથી ૧ લાખ રૂપિયા સુધીની સહાય પણ આપવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# TRAFIC AWERNESS 2025

‘રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫’ તેમજ રાજ્યવ્યાપી ૪૫ દિવસીય "પરવાહ"(Care) અભિયાન અંતર્ગત માર્ગ સલામતી અંગે લોકોમાં જાગૃતતા ફેલાય તે માટે ઠેર ઠેર વિવિધ કાર્યક્રમો હાથ ધરાઈ રહ્યા છે. આહવા ખાતે મુખ્ય માર્ગો ઉપર પોલીસ દ્વારા જન જાગૃતિ રેલીનું આયોજન કરાયું, જેમાં ફરજીયાત હેલ્મેટ, સિટ બેલ્ટનો ઉપયોગ, વાહનની ગતિ મર્યાદા સહિતના માર્ગ સુરક્ષાના નિયમો વિષે નાગરિકોને ધ્યાન દોરવામાં આવ્યું.

દમણ આરટીઓ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમ બાબતે જાગરૂકતા કાર્યક્રમ યોજાયો હતો. દમણ ટેક્સી, રીક્ષા, બસ, સ્કૂલ બસ, સરકારી વાહન ચાલકો અને વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોની માહિતી અપાઇ હતી. ટ્રાફિક નિયમોના પાલન કરનાર અને જાગરૂકતામાં સારું કાર્ય કરનાર ડ્રાઇવર અને એનજીઓને સન્માનિત કરવામાં આવ્યા. સાથે હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હોવાની માહિતી દમણના વાહન વ્યવહાર નિરીક્ષક બિપીન પવારે આપી હતી.

(બાઇટ- બિપીન પવાર, નિરીક્ષક, આરટીઓ, દમણ)

. . . . . . . . . . . . . .

## Khet Ojaar – Mahisagar

મહીસાગર જીલ્લામાં ખાનપુર તાલુકાના લીમડિયા માર્કેટીંગ યાર્ડ ખાતે ખેતીવાડી વિભાગ દ્વારા ખેતઉપયોગી વાહનોનો ચેકીંગ કેમ્પ યોજાયો. ઓનલાઇન અરજી દ્વારા ખેડૂતોએ ખરીદેલ ટ્રેકટર, રોટો વેટર વાવણી સહિતના ખેતીમાં ઉપયોગી વાહનોનું ચેકિંગ કરી સરકાર દ્વારા આપવામાં આવતી સહાય તેમના ખાતામાં જમા કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી હતી, તેમ લુણાવાડા મદદનીશ ખેતી નિયામક એમ.વી દેસાઈ ...

**(બાઇટ - એમ.વી દેસાઈ, મદદનીશ ખેતી નિયામક, લુણાવાડા)**

. . . . . . . . . . . . .

# GUJ FDI

છેલ્લા દાયકામાં રાજ્યના સીધા વિદેશી રોકાણમાં 533 ટકાનો વધારો નોંધાયો છે.

તાજેતરમાં ડિસેમ્બર 2024માં ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ, DPIIT દ્વારા જાહેર કરાયેલા એક અહેવાલ અનુસાર એપ્રિલ 2000 થી સપ્ટેમ્બર 2024 સુધીના સમયગાળામાં માર્ચ 2014 સુધી માત્ર 9.51 અબજ ડોલર જેટલો, તો એપ્રિલ 2014થી સપ્ટેમ્બર 2024 દરમ્યાન રાજ્યે હરણફાળ ભરીને 57.65 અબજ ડોલરનો FDI ઇક્વિટી ઇન્ફ્લો પ્રાપ્ત કર્યો હતો, જે પાછલા 24 વર્ષોમાં ગુજરાતે મેળવેલા 67.16 અબજ ડોલર FDI ઇક્વિટી ઇન્ફ્લોના 86 ટકા છે.

નાણાંકીય વર્ષ 2024-25માં ગુજરાત FDI બાબતે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ આગળ છે.

. . . . . . . . . . . . . .